અપીલ અરજી નં.૧૩૧ તા.૧૨–૭–૧૦/૧૧

અરજદારઃ– શ્રી નટવરલાલ દેવચંદભાઈ કાબરાવાલા
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(રાંદેરઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નટવરલાલ દેવચંદભાઈ કાબરાવાલાની તા.૧૯–૫–૧૦ ની અરજીથી મોજે રાંદેર, તા.સુરત સીટી, જી.સુરતના રેવન્યુ સર્વે નં.૨૪૧ પૈકી, ખેતીની જમીનના, મુળ માલીકો (૧) નિર્મલાબેન ઉર્ફે સુધાબેન શશીકાન્ત ભાઈદાસની ધણીયાણી તથા (૨) સુરેખાબેન શાંતિલાલ ભાઈદાસની ધણીયાણી છે. તથા અડાજણ રાંદેર ટી.પી. યોજના નં.૧૪ નો ફાઈનલ પ્લોટ નં.૮ માં આવેલી દિવ્યપ્રભા કો.ઓ.હા.સો.લી. જેમાં ગાળા ટાઈપ, બાંધકામવાળા પ્લોટ નં.એ/૧ થી એ/૪૫ તથા બાંધકામવાળા પ્લોટ નં.બી/૧ થી બી/૧૦ આવેલા છે અને વ્યકિતઓ રહેણાંકનો ઉપયોગ કરે છે. મુદ્દા નં.૧ સદર ગૃહમંડળીએ, ઉપરોકત ખેતીની જમીન વેચાણથી રાખેલ છે. તેના વેચાણ દસ્તાવેજ ની સહી–સિકકાવાળી નકલ (જે ના હોય તો નકારમાં લેખિત જવાબ)આપશો. વિ. મુદ્દા નં.૧થી ૭ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૨–૭–૧૦ ની **SMC/FAP/** નં.૧૩૧/૨૦૧૦–૧૧

શ્રી નટવરલાલ દેવચંદભાઈ કાબરાવાલાની તા.૧૯–૫–૧૦ ની અરજીથી મોજે રાંદેર, તા.સુરત સીટી, જી.સુરતના રેવન્યુ સર્વે નં.૨૪૧ પૈકી, ખેતીની જમીનના, મુળ માલીકો (૧) નિર્મલાબેન ઉર્ફે સુધાબેન શશીકાન્ત ભાઈદાસની ધણીયાણી તથા (૨) સુરેખાબેન શાંતિલાલ ભાઈદાસની ધણીયાણી છે. તથા અડાજણ રાંદેર ટી.પી. યોજના નં.૧૪ નો ફાઈનલ પ્લોટ નં.૮ માં આવેલી દિવ્યપ્રભા કો.ઓ.હા.સો.લી. જેમાં ગાળા ટાઈપ, બાંધકામવાળા પ્લોટ નં.એ/૧ થી એ/૪૫ તથા બાંધકામવાળા પ્લોટ નં.બી/૧ થી બી/૧૦ આવેલા છે અને વ્યકિતઓ રહેણાંકનો ઉપયોગ કરે છે. મુદ્દા નં.૧ સદર ગૃહમંડળીએ, ઉપરોકત ખેતીની જમીન વેચાણથી રાખેલ છે. તેના વેચાણ દસ્તાવેજ ની સહી–સિકકાવાળી નકલ (જે ના હોય તો નકારમાં લેખિત જવાબ)આપશો. વિ. મુદ્દા નં.૧થી ૭ની માહિતી આપવા બાબતે ઝોનલ ચીફ અને જાહેર માહિતિ અધિકારી રાંદેર ઝોનના પત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈ/ આ. ૧૫૮ તા.૧૪–૬–૧૦થી આપેલ માહિતીમાં માંગ્યા મુજબ માહિતી નકલ, દસ્તાવેજ મળેલ ન હોવાનું જણાવી તથા વસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૧૭૭ તા.૨૩–૬–૧૦ ના પત્રના મળેલા પ્રતિભાવ નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૨–૭–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા વધુમાં આપના નહીં સ્પર્શતા મુદ્દાઓ હોય તો તબદીલ થયા અંગેની વિગત બાબતે પત્ર નં.આરટીઆઈ સેલ/૫૧૩ તા.૨૧–૭–૧૦ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(રાંદેરઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં દફતર ચકાસણી તપાસવા માટે જાહેર માહિતી અધિકારી કક્ષાએ કોઈ ઉપાય મેળવેલ છે કે કેમ? તે અંગે જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૨૪૪ તા.૩–૮–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને માહિતી/દસ્તાવેજોની નકલ નંગ–૪૧૩ પ્રતિ રૂા.૨/– લેખે રૂા.૮૨૬/– ભરપાઈ કરવા અંગેના તા.૧૪–૬–૧૦ ના પત્રની નકલ, તથા સરખા પત્ર નંબરથી અરજદારને તુમારની નકલ પૂરી પાડયા અંગેના પત્રની નકલ તથા ૯૧–૯૨ થી ૨૦૦૭–૦૮ સુધી સદરહુ સોસા.માં આકારણી બાબતે બનેલ તુમારોનું બનેલ લીસ્ટની નકલ તથા સરખા પત્ર નંબરથી આપેલી માહિતીની નકલ, અરજદારે રૂબરૂમાં જણાવ્યા મુજબ એસેસમેન્ટ નકલ નંગ–૨૯×૪ પ્રતિ નકલ રૂા.૨/– લેખે રૂા.૧૧૬/– ભરપાઈ કરી મેળવવા અંગે પાઠવેલ પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/૧૭૭ તા.૨૩–૬–૧૦ ના પત્રની નકલ, તથા તે માહિતી મોકલ્યા અંગે વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૨૧૧ તા.૯–૭–૧૦ ના પત્રની નકલ, તથા પત્ર નં.૧૫૮ અને ૨૧૧ મોકલ્યા અંગે ટપાલબુકની નકલ અત્રે મળેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારીએ અપીલ તબકકે જણાવ્યા મુજબ અરજીને નહીં સ્પર્શતા મુદ્દા બાબતે તબદીલ કર્યાની કોઈ વિગતો પૂરી પાડેલ નથી. જયારે અરજદાર તરફથી અત્રેથી પાઠવેલ પત્ર નં.આરટીઆઈ સેલ/૫૧૩ તા.૨૧–૭–૧૦ ના સંદર્ભે તા.૨૯–૭–૧૦ ના પત્રથી ટપાલ પોસ્ટ કર્યા બાબતેના સમયગાળાની અપીલ તબકકે રજૂઆત કરેલ છે. પરંતુ અપીલ અરજીમાં દફતરી ચકાસણી તપાસવા માટે જાહેર માહિતી અધિકારી કક્ષાએ કોઈ ઉપાય મેળવેલ નહીં હોવાનું જણાવી નકલોનો આગ્રહ રાખેલ હોવાની રજૂઆત કરેલ છે.

અરજદારની આઈ ડી નં.૭૫ તા.૧૯–૫–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૭ ની માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન ખાતે કરવામાં આવેલ. (અ) માંગેલ માહિતીનું વિવરણમાં મોજે રાંદેર, તા.સુરત સીટી, જી.સુરતના રેવન્યુ સર્વે નં.૨૪૧ પૈકી, ખેતીની જમીનના, મુળ માલીકો (૧) નિર્મલાબેન ઉર્ફે સુધાબેન શશીકાન્ત ભાઈદાસની ધણીયાણી તથા (૨) સુરેખાબેન શાંતિલાલ ભાઈદાસની ધણીયાણી છે. તથા અડાજણ રાંદેર ટી.પી. યોજના નં.૧૪ નો ફાઈનલ પ્લોટ નં.૮ માં આવેલી દિવ્યપ્રભા કો.ઓ.હા.સો.લી. જેમાં ગાળા ટાઈપ, બાંધકામવાળા પ્લોટ નં.એ/૧ થી એ/૪૫ તથા બાંધકામવાળા પ્લોટ નં.બી/૧ થી બી/૧૦ આવેલા છે અને વ્યકિતઓ રહેણાંકનો ઉપયોગ કરે છે. સદર ખેતીની જમીનના મુળ માલિકો, જેના નામ ઉપર દર્શાવેલ છે હાલમાં સદર ખેતીની જમીનમાં આપની કચેરીના રેકર્ડ ઉપર દિવ્યપ્રભા કો.ઓ.હા.સો.લિ. નામ ચાલે છે આથી સદર સોસા.ના નામ દાખલ કર્યેથી યાને જમીન મિલ્કત પ્રોપર્ટી તબદીલ , ફેરફારના

આપના કચેરીના રેકર્ડ, નોંધ તથા તપાસણી ચકાસણીના પુરાવાઓ નકલો વગેરે મુદ્દા નં.૧ થી ૭ માં જણાવ્યા મુજબ આપશો. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથીપ ત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/૧૫૮ તા.૧૪–૬–૧૦ થી માહિતી અને દસ્તાવેજોની નકલો મેળવવા પાના નંગ–૪૧૩ પાના દીઠ રૂા.૨/– લેખે કુલ્લે રૂા.૮૨૬/– ભરપાઈ કરી મેળવવા જણાવેલ વધુમાં સરખા પત્ર નંબરે અરજદારને માહિતી પણ પૂરી પાડવામાં આવેલ છે. જે બાબતે અરજદાર તરફથી રજૂ કરેલ રસીદ નં.૪૯૧૧૩૭ તા.૧૬–૬–૧૦ થી નાણા ભરપાઈ કરવામાં આવેલ છે. તેની નકલ રજૂ કરેલ છે. ત્યાર બાદ અરજદારને વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૧૭૭ તા.૨૩–૬–૧૦ થી જમા કરાવેલ રૂા.૮૨૬/– ની નકલ મેળવી લેવા તથા રૂબરૂમાં આવીને સદર સોસા.ના પ્લોટોની એસેસમેન્ટ નકલની માંગણી અંગે પાના નંગ–૨૯ પ્રતિ રૂા.૪/– લેખે રૂા.૧૧૬/– કરી મેળવવા જણાવેલ. જે બાબતે અરજદારે રજૂ કરે રસીદ ૪૯૧૧૮૯ તા.૧–૭–૧૦ થી રૂા.૧૧૬/– ની નકલ ફી ભરપાઈ કરેલ તેની નકલ રજૂ કરેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/૧૫૮ તા.૧૪–૬–૧૦ થી સને ૧૯૯૧–૯૨ સને ૨૦૦૭–૦૮ સુધી જે જે પ્લોટોમાં ફેરફાર થયેલ છે તેના તુમારના લીસ્ટ અને પાનાની નકલ સહિતની માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જયારે અરજદારે રૂબરૂમાં એસેસમેન્ટ નકલો મેળવવા ભરપાઈ કરેલ રૂા.૧૧૬/– અંગેની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૨૧૧ તા.૯–૭–૧૦ થી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે જાહેર માહિતી અધિકારી તરફથી આપેલ માહિતી પત્ર નં.૧૫૮ તા.૧૪–૬–૧૦ અને પત્ર નં.વેસ્ટઝોન /આરટીઆઈ/આ.નં.૧૭૭ તા.૨૩–૬–૧૦ ના પત્રથી મળેલ માહિતીના પ્રતિભાવથી નારાજ થઈ તા.૧૨–૭–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં માંગ્યા મુજબની માહિતીની નકલો તથા દસ્તાવેજો ન મળવા અંગે જણાવેલ છે. મુદ્દા નં.૧ સદર ગૃહમંડળીએ, ઉપરોકત ખેતીની જમીન વેચાણથી રાખેલ છે. તેના વેચાણ દસ્તાવેજ ની સહી–સિકકાવાળી નકલ (જે ના હોય તો નકારમાં લેખિત જવાબ)આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના રાંદેરઝોન ખાતે ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં અરજદારે માંગેલ મુદ્દા નં.૧ ની માહિતી મળે શકે તેમ નથી. તેવું જણાવેલ છે. (૨) મુળ જમીન માલિકોએ દિવ્યપ્રભા કો.ઓ.હા.સો.લિ. ની તરફે કરેલા કબુલાતો સંમતિપત્રો, બીન વાંધા લેખિત જવાબ વગેરે આપેલા કાગળો, પુરાવાઓ તથા એફીડેવીટ વગેરેની આપની કચેરીના નોંધ, ચકાસણી તપાસણી રેકર્ડની સબંધિત પૂરેપૂરી વિગતવારથી સહી સિકકાવાળી નકલ (ના હોય તો નકારમાં લેખિત જવાબ આપશો.) તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના રાંદેરઝોન ખાતે ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં અરજદારે માંગેલ મુદ્દા નં.૨ ની માહિતી મળે શકે તેમ નથી. તેવું જણાવેલ છે. (૩) દિવ્યપ્રભા સોસા. તરફથી પોતાના માલીકી પણા કબ્જેદાર, વહીવટીદાર વગેરેના રજૂ કરેલ એફીડેવીટ, દસ્તાવેજો, કબુલાતો, સંમતિપત્ર વિગેર, કાગળો, દસ્તાવેજો તથા સબંધિત રજૂ કરેલા અન્ય ડોકયુમેન્ટ આપની કચેરીના રેકર્ડ, નોંધ ચકાસણી તપાસણીવગેરે સાથે પૂરેપૂરી સહી સિકકાવાળી નકલ (ના હોય તો નકારમાં લેખિત જવાબ આપશો. ) તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અત્ર ેના રાંદેરઝોન ખાતે ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં અરજદારે માંગેલ મુદ્દા નં.૩ ની માહિતી મળે શકે તેમ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૪ સદર સોસા. તરફથી રજૂ કરેલા ગાળા ટાઈપ યુનીટ એ/૧થી એ/૪૩ તથા ડુપ્લેક્ષ ટાઈપ યુનીટ બી/૧ થી બાંધકામ પ્લોટ વાળા યુનીટના માલીક/કબ્જેદાર/વહીવટદા તરીકે સને ૧૯૮૯–૯૦ થી સને ૨૦૦૯–૧૦ સુધી યાને છેલ્લા વીસ વર્ષમાં રજૂ કરેલા સભ્યોના નામ સરનામા સાથે દર વર્ષે યાને વર્ષ પ્રમાણે આપની કચેરીના રેકર્ડ નોંધ ચકાસણી તપાસ ણી રીપોર્ટના આધારે સહી સિકકાવાળી નકલો (સબંધિત વર્ષની માહિતી ન હોય તો નકારમાં જવાબ આપશો.) તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર સોસા.ના ગાળા ટાઈપ યુનીટ એ/૪ થી એ/૪૩ તથા ડુપ્લેક્ષ ટાઈપ બી/૧ થી બી/૧૯ બાંધકામ વાળા યુનીટના માલીક/કબ્જેદાર/વહીવટીદાર તરીકે સને ૧૯૮૯–૯૦ થી અત્રેની ઝોન કચેરીના રેકર્ડ નોંધ ચકાસણી તપાસણીના રીપોર્ટની અત્રેના ઝોન કચેરી દફતરે ઉપલબ્ધ રેડર્કની નકલના પાના દીઠ રૂા.૨/– ફી ભર્યેથી મળી શકશે તેવું જણાવેલ છે. જે અંગે અરજદારને સરખા પત્ર નંબર અને તારીખથી અરજદારને આપેલ તુમારો અને તેમના પાના ની સંખ્યા સહિતની વિગતોની નકલ અત્રે પૂરી પાડેલ છે. વધુમાં અરજદારને રૂબરૂમાં માંગેલી એસેસમેન્ટની નકલો પાના નંગ–૨૯ ×૪ પણ પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૨૧૧ તા.૯–૭–૧૦ થી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. (૫) સુરત મહાનગરપાલિકા સુરતની પાલિકાએ નકકી કરેલા પ્રોસીજર ધારાધોરણ કાયદાઓ અને આકારણી, નિતી નિયમો, ધારા ધોરણો પ્રમાણે સદર ગૃહ મંડળીનું નામ દાખલ કરવામાં આવેલ છે જેના સદર આધારની નકલો ( ના હોય તો લેખિતમાં નકાર જવાબ ) સહી સિકકાવાળી નકલો આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના રાંદેરઝોન કચેરીના રેકર્ડ પર મુદ્દા નં.૫ ની માહિતી ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. જે કાયદા અને નિયમની જોગવાઈ સાથે સુસંગત જણાતું નથી. જો નામ દાખલ કરેલ હોય તો આકારણી માટે કયા કાયદા કે નિયમની જોગવાઈ હેઠળ દાખલ કરેલ છે તેની નકલ આપવા પાત્ર થાય. (૬) ગુજરાત રાજયના રેવન્યુ મહેસુલ , સ્ટેમ્પ ડયુટી એકટ અને સ્થાનિક સ્વરાજ તંત્ર (સુરત મહાનગરપાલિકા સુરત) ના નિતી નિયમ, ધારા–ધોરણ અને પ્રોસીજરના આધારે જમીન મિલ્કત, પ્રોપટી ,ટ્રન્સફર (ફેર બદલી) ના કાયદાને આધીન સુરત મહાનગરપાલિકા વેસ્ટઝોન રાંદેર સુરતના એ સદર ફેરફારની કાયદેસરની કાર્યવાહી દિવ્યપ્ર ભા કો.ઓ. હા.સોસ.ને સબંધિત કરેલી છે? હા હોય તો તેના ઓફિસ રેકર્ડ, નોંધ, ચકાસણી તપાસણીના પ્રમાણે, સહી સિકકાવાળી નકલો .(ન હોય તો નકારમાં લેખિત જવાબ) આપશો.તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના રાંદેરઝોન કચેરીના રેકર્ડ પર મુદ્દા નં.૬ ની માહિતી ઉપલબ્ધ નથી (૭) સુરત મહાનગરપાલિકા વેસ્ટઝોન રાંદેર સુરતના કચેરી તરફથી થયેલ જમીન મિલ્કત, પ્રોપર્ટી, માલીકીપણા,કબ્જેદાર તથા વહીવટીદાર વગેરેની સદર ખેતી જમીનને અનુરૂપ યાને સબંધિત ફેરફાર કરેલ કાર્યવાહી કાયદેસરની (કાયદેસરની ન હોય તો ) લેખિતમાં જવાબ આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના રાંદેરઝોન કચેરીના રેકર્ડ પર મુદ્દા નં.૭ ની માહિતી ઉપલબ્ધ નથી
.

અરજદારની મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી માંગતી અરજી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૪ ની માહિતી સને ૧૯૯૧–૯૨ થી ૨૦૦૭–૦૮ સુધી સુરત મહાનગરપાલિકાની વેસ્ટઝોન આકારણી દફતરે જે જે પ્લોટ હોલ્ડરોના નામ ફેરફાર થયેલ છે તેવા તુમારોના પાના નંગ ૪૧૩ ની માહિતી જાહેર માહિતી અરજદાર તરફથી અરજદારને દફતરી ઉપલબ્ધ તથા અરજદારે રૂબરૂમાં જણાવ્યા મુજબ એસેસમેન્ટની નકલ નંગ–૨૯ ×૪ અરજદારને પૂરી પાડેલ જણાય છે. આ સિવાયના મુદ્દા નં.૧ થી ૩ ની તથા મુદ્દા નં.૫ થી ૭ ની માહિતી અરજદારે ન હોય તો નકારાત્મક લેખિત જવાબની માંગણી કરેલ છે જે અનુસાર રાંદેરઝોનના ઉપલબ્ધ રેકર્ડ ચકાસણી કરતાં મળી શકે તેમ નથી તેવું જણાવેલ છે. પરંતુ તેના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ ઈન્કાર અંગે અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. કે આરટીઆઈ કાયદાની કલમ–૬(૩) મુજબ લાગત સત્તા મંડળને તબદીલ કરવાની થતી હોય તો તેમ કરેલ જણાતું નથી. અરજદાર તેમની મુળ અરજીના મુદ્દા નં.૬ અને ૭ અંગે સ્વયં સ્પષ્ટ નથી. અરજદારે જ રજૂ કરેલ જીલ્લા કલેકટર સુરત તરફથી તેમને મળેલ તા.૨૩–૭–૦૯ ના પત્ર અનુસાર બીન ખેતીની અરજી આપેલ ન હોવાનું તેમને જણાવેલ છે જ.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૧૯–૫–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ થી ૩ તથા મુદ્દા નં.૬ થી ૭ ની માહિતી બાબતે ઉપરોકત જણાવ્યા અનુસાર માહિતીના ઈન્કાર અંગે અપવાદનું કારણ કે દફતરી હકીકતલક્ષી માહિતીથી અવગત કરવા અને તેમના કાર્યક્ષેત્ર બહારની બાબત અંગે લાગત સત્તા મંડળને તબદીલ બાબતે નો નિર્ણય લઈ કલમ–૬(૩) હેઠળ કાર્યવાહી દિન–૭ માં પૂર્ણ કરી અત્રેની જાણ હેઠળ અરજદારને સૂચિત કરવા તેમજ મુદ્દા નં.૫ અંગે નામ દાખલ કરવા અંગેની કરવેરાની જોગવાઈની નકલ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવે છે.

જાહેર માહિતી અધિકારીએ મુદ્દા નં.૧ થી ૩ તથા ૬ થી ૭ અંગે આપેલ પ્રત્યુત્તર અંગે અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી દિન–૭ માં આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ જો કોઈ લાગત દફતર હોય તો તેની તપાસણી કરવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) ... ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી નટવરલાલ દેવચંદભાઈ કાબરાવાલા,